IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# National Education Policy 2020 –Teaching Values in Students

## રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦. વિદ્યાર્થીઓમાં મૂલ્યોનું શિક્ષણ

**અજીતકુમાર એમ. મકવાણા**

એમ.એ.,(ગુજરાતી,સામાજશાસ્ત્ર)એમ.એડ.,એમ.ફિલ.(શિક્ષણશાસ્ત્ર)

પીએચ.ડી.સ્કોલર(શિક્ષણશાસ્ત્ર)

આઈઆઈટીઈ,ગાંધીનગર

**રાજ્યસ્તરીય પરીસંવાદ**

રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન કોન્ફરન્સ

જીસીઇઆરટી,ગાંધીનગર

૨૦ જાન્યુઆરી ૨૦૨૨,ગુરૂવાર

## સારાંશ

## વિદ્યાર્થીઓમાં મૂલ્યોનું શિક્ષણ

આજે વિચાર અને જીવનમાં જુદાપણું જોવા મળે છે. વિચારો નિર્જીવ છે અને જીવન વિચારશૂન્ય છે તેથી પોતે શું કરે છે તેની માનવને કોઈ ચિંતા નથી. કારણ કે શિક્ષણ અને જીવન અલગ પડી ગયા છે. ઘરમાં જીવે છે અને શાળામાં ભણે છે. આ અલગપણું દૂર કરવા માટે જીવન જીવવાનું શિક્ષણ આપવું જોઈએ. બાળકને ઘરમાં મળેલા સંસ્કારોને આત્મસાત કરવાની પ્રયોગશાળા બનાવવી જોઇએ. સાંપ્રત સમયમાં જીવન ઘડતર માટેના સંસ્કારો ખૂબ જ ઓછા પ્રમાણમાં જોઈ શકાય છે. આજે મૂલ્ય માટેના શિક્ષણ વિશે વિચારી તેને પ્રસ્થાપિત કરવા માટે વિચારવાની ખૂબ જરૂરિયાત ઊભી થઈ છે. વિવિધમૂલ્યો અને મૂલ્યશિક્ષણની પ્રક્રિયાને આપણે પૂર્ણ રીતે સમજી તેના વ્યવસ્થિત કાયમી સ્થાપન માટે વ્યક્તિએ પોતે

પ્રથમ પહેલ કરી પોતાની જાતને તેમાંથી સાકાર કરી બતાવી પડશે અને તો જ સાચા અર્થમાં સમાજમાં સાચા નાગરિક બનશે.

શિક્ષણના માધ્યમથી વ્યક્તિए સમાજ અને રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ થાય છેए અને સાથે-સાથે રાષ્ટ્રના સામાજિકए સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનું જતન પણ થાય છે નવી પેઢીમાં સંસ્કૃતિ પ્રત્યે આસ્થા અને નિષ્ઠા પ્રગટે તેને માટે શિક્ષણનો આધાર સંસ્કૃતિ બને તે યોગ્ય છે. શિક્ષણ અને સંસ્કૃતિ એક સિક્કાની બે બાજુ છે. જે રીતે વ્યક્તિની સમૃધ્ધિનો આધાર સંપત્તિ ગણાયए તેવી જ રીતે સંસ્કૃતિની સમજનો આધાર શિક્ષણ છે. શિક્ષણ સ્વયં એક પ્રક્રિયા છે જે માનવીની સર્જનશક્તિए ભાવાત્મક એકતાए અખંડિતતાएસ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિ જેવા અનેક પરિબળોને આવરી લઈને માનવ ગરીમાના વાહકોનું ઘડતર કરે છે.

પ્રસ્તુત સંશોધન પત્ર દર્શાવેલ હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવેલ હતું. (૧) મૂલ્યનો અર્થ સમજવો. (૨) મૂલ્યના પ્રકારો સમજવા. (૩) મૂલ્યશિક્ષણનો અર્થ સમજવો. (૪) મૂલ્યશિક્ષણની જરૂરિયાત અને મહત્વને સમજવું.(૫) મૂલ્યશિક્ષણના અભિગમોને સમજવા.(૬) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં સામેલ મૂલ્યોને સમજવા.

## પ્રસ્તાવના

એકવીસમી સદીમાં પ્રવેશી ચુકેલો માનવી આજે અસ્તિત્વની શૂન્યતા અનુભવી રહ્યો છે. વિશ્વમાં બની રહેલી ઘટનાઓનો મનુષ્ય આજે મૂક સાક્ષી બની રહ્યો છે તે આજે દુઃખની પરિસ્થિતિ અનુભવી રહ્યો છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસને લીધે મનુષ્યના સુખ અને સંપત્તિમાં વધારો થવાની સાથે મનુષ્યમાં અસંતોષए હતાશા અને નિરાશાની હૃદયવેધક ચીસો સંભળાય છે. સુખની શોધમાં નીકળેલો માનવી આજે દુઃખની તકલીફમાં ધકેલાયો છે આમ, થવાનું કારણ આપણા ભૂતકાલીન ભવ્ય સાંસ્કૃતિક વારસા અને મૂલ્યથી આપણી વિમુખતા છે.

સામાન્યજન સમાજમાં જીવનના શ્રેષ્ઠ ઉચ્ચતમ મૂલ્યનું યોગ્ય સંવર્ધન થાય તો જ આપણી આવતીકાલ ઉજ્જવળ બની શકે તેમ છે.આઝાદી પછી દેશના વિકાસ માટે અનેક યોજનાઓ અમલમાં આવી તેના દ્વારા દેશનો ભૌતિક વિકાસ તો થયો પરંતુ જનસમૂહને કેળવણી અને લોકોના સર્વાંગી ચારિત્ર્ય ઘડતર માટે શિક્ષણમાં જે આમૂલ પરિવર્તન થવું જોઈએ તે થયું નથી. પરિણામે વર્તમાન સમયમાં આમ જનતા તરફથી એવી ફરિયાદ સાંભળવા મળે છે કે આજના બાળકોમાં સંસ્કારોનો અભાવ જોવા મળે છે. આજે બાળકો અવળા રસ્તે જઈ રહ્યા છે. ત્યારે આપણી જૂની કહેવત યાદ આવે છે ऱભણ્યા તો ખરાંए પણ ગણ્યા નહીંऱ આજે આ એ વાત સાચી પડે એનો અહેસાસ થાય છે અને એટલા માટે જ તે આજે દરેક ક્ષેત્રે માનવ મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે. સમાજમાં જ્યાં જોઈએ ત્યાં અશાંતિए ગુનાખોરીए ભ્રષ્ટાચારए હિંસાए કોમવાદ જેવી અનેક સમસ્યાઓ આપણી સામે ઉભી થઇ છે.આ બધી વિકટ સમસ્યાનો કોઇ રામબાણ ઇલાજ હોય તો તે મૂલ્યોનું શિક્ષણ છે એટલે કે આપણી આ સમસ્યાઓનું સમાધાન મૂલ્યશિક્ષણ દ્વારા થઈ શકે છે.

શાળામાં બાળકને જીવન ઘડતર માટેનું શિક્ષણ મળવું તે અતિ આવશ્યક જ નહીં પરંતુ આજના સમયમાં જરૂરી પણ છે. કેળવણીનો હેતુ જ માનવ ઘડતર હોવો જોઈએ. આજના આપણા ઔપચારિક શિક્ષણમાં તે હેતુ દૂર થતો જોઈ રહ્યા છીએ. આજે આપણે આપણા સમાજમાંથી મૂલ્યોને નાશ પામતા જોઈ રહ્યા છીએ. તેની પાછળનું કારણ ઘર-કુટુંબ શાળા-કોલેજોમાં અને સમાજમાંથી મૂલ્યલક્ષી શિક્ષણનો અભાવ. આજે સમાજ દેશ વિવિધ બાબતે ટુકડામાં વહેચાતો જઈ રહ્યો છે દેશ કે સમાજને એક અખંડ ટુકડામાં આપણે જોવા ઈચ્છતા હોઈએ તો આપણી આ વિનાશ યાત્રામાં વચ્ચે જ અટકીને ક્ષણભર વિચારવું પડશે કે આપણે કઈ દિશા તરફ જઈ રહ્યા છીએ આજે ધ્યેયશૂન્યए દિશાશૂન્ય અને પથશૂન્ય બની રહેલા માણસની શક્તિને સર્જનાત્મક કાર્ય માટે યોજવા ને સારું આપણી પાસે કેપ્ટનની ખામી વર્તાઈ રહી છે. આ વિચાર કે ચિંતન

તે મૂલ્યશિક્ષણ માટેનું ચિંતન છે. જ્યાં સુધી ઘરનો મોભીए શાળાનો શિક્ષક અને સમાજનો નાગરિક મૂલ્યોને પ્રસ્થાપિત કરવા માટે પોતાની જાત ઘસી નથી નાખતો ત્યાં સુધી બાળકમાં કે નાગરિકમાં મૂલ્યો પ્રસ્થાપિત થઇ શકતા નથી. પિતા માત્ર બાળકનું પેટ ભરી આપશેए શિક્ષક માત્ર પોતાના વિષયને વાંચીને વર્ગખંડમાં પૂર્ણ કર્યાનો આનંદ મેળવશે અને સમાજની વિવિધ સંસ્થાઓ નાગરિકોને માત્ર વ્યવસ્થા આપી સંતોષનો ભાવ વ્યક્ત કરશે તો સમાજમાં મૂલ્ય સ્થાપી શકાશે નહીં. મૂલ્યો જીવન ઘડતરમાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

મૂલ્યો એ દરેક વ્યક્તિના વ્યક્તિત્વનું હાર્દ છે. પ્રતિબિંબ પણ છે. મૂલ્યોને દરેક વ્યક્તિના જીવન માટે સ્વાભાવિક રીતે જ ઇચ્છિત ગુણોए સદ્ગુણો તરીકે મૂલવવામાં આવે છે. મૂલ્યો વ્યક્તિના જીવનને વધુ અર્થપૂર્ણ બનાવી સાચી દિશા બતાવે છે. કદાચ એટલે જ આજના શિક્ષણવિદો દ્વારા મૂલ્યશિક્ષણ પર વધુ ભાર મુકાતો થયો છે. વ્યક્તિ વિકાસ સાથે સમાજ ઘડતર અને સામાજિક માળખાનો વિકાસ પણ મૂલ્યશિક્ષણ પર આધાર રાખે છે. આમ છતાં હાલના સમયમાં અતિ ઝડપે માનવી અને સામાજિક મૂલ્યોના થતાં હ્રાસને જોતા સમગ્ર વિશ્વમાં મૂલ્યશિક્ષણ વ્યક્તિગતए સામાજિકए નૈતિક ઇમારતને મજબૂત કરવાના પડકાર માટેના ઉકેલ માટેનું મુખ્ય સાધન ગણવામાં આવ્યું છે એના એક ભાગ સ્વરૂપે જ શાળાના અને શિક્ષણના મુખ્ય હેતુઓમાં મૂલ્યશિક્ષણ પર વધુ ભાર મૂકવામાં આવે છે.

## મૂલ્યનો અર્થ

શબ્દકોશ મુજબ- કશુક ઉપયોગીएગુણવત્તાવાળુંएમહત્વનુંएમેળવવાને યોગ્યएમૂલવી શકાય તેવુંए મૂલए કિંમત

અંગ્રેજીમાં ष्ट ।स्न्ष्ठ સંસ્કૃતમાં ષ્મૂલ્યમ્ष

ષ્આત્મસાક્ષાત્કારના લક્ષ્યને પામવા માનવ ઇચ્છાઓને સંતોષતું જૈવિક પરિબળ એટલે મૂલ્યष

મૂલ્ય તેને કહેવાય જે માનવ ઇચ્છાઓને સંતોષે છે.

મૂલ્યએ મનોવૈજ્ઞાનિક સ્વરૂપે પ્રગટ થતું જૈવિક પરિબળ છે.

-કવિ સુન્દરમ્ કહે છે કે દૃश्माणસની આસપાસ આખું જગત અને તેના અનંત પદાર્થો પડેલા છે આ પદાર્થોને માનવ પોતાના જીવન સાથે કેવા અને કેવી રીતે સાંકળે છે તે પ્રમાણે પદાર્થનું મૂલ્ય નક્કી થાય છેश

કાર્ટરएવી. ગુડના મતે शમૂલ્યો એટલે મનોવૈજ્ઞાનિકए સામાજિકए નૈતિક કે સૌંદર્ય પરખતાને લક્ષમાં રાખીને માનવીની સારું-નરસું તારવાની શક્તિश મૂલ્યના પ્રકારો

૧. આધ્યાત્મિક મૂલ્યો - સત્યएસર્વધર્મ સમભાવएનિષ્ઠાएઆધ્યાત્મિક ડહાપણएઆનંદ અને પ્રભુપ્રેમ

૨. નૈતિક મૂલ્યો - પ્રામાણિકતાएસંયમएચારિત્ર્યएન્યાયएસદાચારएનૈતિક હિંમતएફરજए નીખાલસતા

૩. સામાજિક મૂલ્યો - સહિષ્ણુતાएસામાજિક ન્યાયएસમભાવएસહકારएમાનવતાएબંધુત્વएકરુણાए ક્ષમાएજનસેવા

૪. આર્થિક મૂલ્યો દૃ ઉત્પાદકતાए શોષણવિહીન અર્થવ્યવસ્થા

૫. જૈવિક મૂલ્યો - સ્વરક્ષણए આહાર

૬. રાજકીય મૂલ્યો -સ્વદેશપ્રેમएલોકશાહીમાં વિશ્વાસएરાષ્ટ્રીય એકતા

૭. વૈશ્વિક મૂલ્યો - વિશ્વબંધુત્વएમાનવીય દ્રષ્ટિएમાનવહકોएવિશ્વ શાંતિएવિશ્વપ્રેમएમાનવતાए માનવિય અભિગમ

૮. રાષ્ટ્રીય મૂલ્યો-રાષ્ટ્રપ્રેમए રાષ્ટ્રીયતાएદેશપ્રેમएરાષ્ટ્રનિષ્ઠાएસ્વાતંત્ર અને સમાનતાए લોકશાહી વલણएપર્યાવરણ સુરક્ષા

૯. શારીરિક મૂલ્યો दृ સ્વાસ્થ્યएસૌંદર્યएવિધાયક દ્રષ્ટિएઉધમ શીલતાएશારીરિક સૌષ્ઠવ

૧૦.વ્યક્તિગત મૂલ્યો - શ્રમનું ગૌરવएઉધમ શીલતાएકર્તવ્યएજુસ્સોएસહનશીલતાएસ્વ-શિસ્ત

૧૧. સાંસ્કૃતિક મૂલ્યો दृ સત્યएઅહિંસાएસમભાવएઅપરિગ્રહएસ્વાશ્રયएસ્વધર્મएધાર્મિક સહિષ્ણુતાए કોમી એકતાएઅસ્તેય અને અસ્પૃશ્યતા નિવારણ

ભારતના બંધારણમાં ભાગ-૪(અ)ની કલમ નંબર-૫૧ માં “જન્મસિદ્ધ ફરજો” અન્વયે નીતિ વિષયક નિવેદનો લઇ શ્રી સત્ય સાંઇ બાલ ટ્રસ્ટ रू પ્રશાંત નિલામય, આંધ્ર (૧૯૮૫)દ્વારા પાંચ મૂળભૂત મૂલ્યો જાહેર કરવામાં આવ્યા છે. આ પાંચ મૂલ્યો નીચે પ્રમાણે છે. (૧) સત્ય (૨) સદાચરણ (૩) શાંતિ (૪) પ્રેમ (૫) અહિંસા

એનસીઈઆરટી એ“ડોક્યુમેન્ટ ઓફ સોશિયલ,મોરલ એન્ડ સ્પિરીચ્યુઅલ વેલ્યુઝ” નામની પુસ્તિકામાં ૮૩ મૂલ્યોની એક યાદી તૈયાર કરેલ છે. આ ૮૩ મૂલ્યોને છ વિભાગમાં દર્શાવવામાં આવ્યા છે. (૧) નેકી (૨) સ્વ-શિસ્ત (૩) અન્યની લાગણીનો સ્વીકાર (૪) માનવતા (૫) લોકશાહી દ્રષ્ટિબિંદુ (૬) અહિંસા

એનસીઈઆરટી એ ૮૩ મૂલ્યોની યાદી તૈયાર કરેલ છે. જે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧.બીજાના સાંસ્કૃતિક મૂલ્યોની પ્રશંસા કરવી | ૧૧.સાથી ભાવના | ૨૧.શક્તિ |
| ૨.અસ્પૃશ્યતાનો વિરોધ | ૧૨.સારું આચરણ | ૨૨.સ્વાસ્થ્યકર જીવન |
| ૩.નાગરિકતા | ૧૩.રાષ્ટ્રીય સમાનતા | ૨૩.અખંડતા |
| ૪.બીજાની ચિંતા | ૧૪.આજ્ઞાપાલન | ૨૪.શુચિતા |
| ૫.બીજાનું ધ્યાન રાખવું | ૧૫.સમયનો સદ્ઉપયોગ | ૨૫.નિષ્કપટતા |
| ૬.સહયોગ | ૧૬.જ્ઞાનની શોધ | ૨૬.આત્મનિયંત્રણ |
| ૭.સારાપણું | ૧૭.સંયમ | ૨૭.સાધન સંપન્નતા |
| ૮.લોકશાહી નિર્ણય | ૧૮.કરુણા | ૨૮.નિયમિતતા |
| ૯.વ્યક્તિનું મહત્વ | ૧૯.સામાન્ય લક્ષ્ય | ૨૯.બીજાનું સન્માન |
| ૧૦.શારીરિક કાર્યનું સન્માન | ૨૦.શિષ્ટાચાર | ૩૦.વૃદ્ધાવસ્થાનું સન્માન |

૩૧.સાદું જીવન

૩૨.સામાજિક ન્યાય

૩૩.સ્વાનુશાસન

૩૪.સ્વ-સહાયતા

૩૫.સ્વ-સન્માન

૩૬.આત્મ-વિશ્વાસ

૩૭.સ્વ-સમર્થન

૩૮.સ્વાધ્યાય

૩૯.આત્મનિર્ભરતા

૪૦.આત્મનિયંત્રણ

૪૧.સમાજ-સેવા

૪૨.માનવજાતિની એકાત્મકતા

૪૩.સારા-નરસા વચ્ચેના ભેદ નો ભાવ

૪૪.સામાજિક જવાબદારીનો ભાવ

૪૫.સ્વચ્છતા

૪૬.સાહસ

૪૭.જિજ્ઞાસા

૪૮.ધર્મ

૪૯.અનુશાસન

૫૦.સહનશીલતા

૫૧.સમાનતા

૫૨.મિત્રતા

૫૩.વફાદારી

૫૪.સ્વતંત્રતા

૫૫.દૂરદર્શિતા

૫૬.સજ્જનતા

૫૭.કૃતજ્ઞતા

૫૮.ઈમાનદારી

૫૯.સહાયકતા

૬૦.માનવતાવાદ

૬૧.ન્યાય

૬૨.સત્યતા

૬૩.સહિષ્ણુતા

૬૪.સાર્વભૌમિક સત્ય

૬૫. સાર્વભૌમિક પ્રેમ

૬૬.રાષ્ટ્રીય અને જનસંપત્તિનું મહત્વ

૬૭.પહેલ કરવી

૬૮.દયાળુપણું

૬૯.જીવો પ્રત્યે દયા

૭૦.ધર્મપરાયણતા

૭૧.નેતૃત્વ

૭૨.રાષ્ટ્રીય એકતા

૭૩.રાષ્ટ્રીય સચેતનતા

૭૪.અહિંસા

૭૫.શાંતિ

૭૬.દેશભક્તિ

૭૭.સમાજવાદ

૭૮.સહાનુભૂતિ

૭૯.ધર્મનિરપેક્ષતા

૮૦.પૂછપરછની ભાવના

૮૧.જૂથ ભાવના

૮૨.સમયપાલન

૮૩.જૂથકાર્ય

## મૂલ્યશિક્ષણનો અર્થ

મૂલ્ય શબ્દને શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ એ મૂક્યો.

સારાસરનો વિવેક તેમજ ‘ઉચિત’ ‘અનુચિત’ કે ‘કરવા જેવી’ અને ‘ના કરવા જેવી’ બાબતોની ચર્ચા એટલે મૂલ્યશિક્ષણ.

“વ્યક્તિના જીવનને સ્પર્શતા જીવન જીવનની જરૂરિયાતો પૂરી કરતા અને જીવનનું ઊર્ધ્વગમન કરતાં મૂલ્યો અંગે અપાતું શિક્ષણ એટલે મૂલ્ય શિક્ષણ”

વ્યક્તિ,કુટુંબ,સમાજ,રાષ્ટ્ર,પ્રકૃતિ તથા વિશ્વ પ્રત્યે સદભાવ અને સમભાવ જાગે તેવા કાર્યો કરવા વિદ્યાર્થીઓને પ્રેરવા અપાતું શિક્ષણ મૂલ્યશિક્ષણ કહેવાય. મૂલ્યશિક્ષણ એટલે ભારતીય સંસ્કૃતિનું શિક્ષણ. શિક્ષણ અને મૂલ્ય મૂલ્યાભિમુખ કાર્ય છે અને મૂલ્યો વગરનું શિક્ષણ અશોભનીય છે. ઘરમાં માતા-પિતાના વહેવારો પિતા-પુત્રના મૈત્રીભર્યા સંબંધો વગેરે જગ્યાએ બાળક વિવિધ વર્તન શીખે છે શિક્ષકના દરેક વ્યવહારમાં તે વર્ગખંડની સૂચના હોય પૂર્વાભ્યાસ હોય જે રીતે તે વર્ગમાં અનુશાસન કરવા ઇચ્છતો હોય વર્ગનું વાતાવરણ બનાવતો હોય અમુક એકમોની ઉંડાણપૂર્વકની ચર્ચા કરતો હોય કાવ્યનું અધ્યાપન કરાવવામાં રસ દાખવતો હોય દરેક સ્થિતિએ આપણને મૂલ્ય ની ઝલક જોવા મળે છે શિક્ષણના દરેક વ્યવહારમાં શિક્ષક પાસેથી મૂલ્યનિષ્ઠ વાર્તા ની ઝાંખી જોવા મળે છે.

જે અપેક્ષિત છે તે મૂલ્ય છે. શિક્ષણ તો મૂલ્યલક્ષી હોય જ જો મૂલ્યલક્ષી નથી તે શિક્ષણ નથી. મૂલ્ય વ્યક્તિના વર્તનમાં જોવા મળે છે. વર્તન ત્રણ ક્ષેત્રોમાં વિકાસ પામે છે (૧)જ્ઞાન -અભિજ્ઞાનાત્મક ક્ષેત્ર (૨) ભાવ-અભિભાવાત્મક ક્ષેત્ર (૩) ક્રમ –મનોજ્ઞાનાત્મક ક્ષેત્ર દરેક ક્રિયા કે પ્રવૃત્તિ સાથે જ્ઞાન,ભાવ અને કર્મ અંતર્ગત ભાગરૂપે સંકળાયેલ છે. મૂલ્ય શીખવાય નહીં ઝીલાય. મૂલ્યલક્ષી શિક્ષણ માટે પાઠ્યક્રમ ને આધારે મૂલ્ય બિંદુ નક્કી કરવા મૂલ્ય ઝીલાય તેવા અધ્યયન અનુભવો પુરા પાડવા અને વિદ્યાર્થીઓમાં મૂલ્ય કેળવાયું છે કે કેમ તેનું મૂલ્યાંકન કરવું જોઈએ.

## મૂલ્યશિક્ષણની જરૂરિયાત અને મહત્વ

આજે આપણે વિજ્ઞાન યુગમાં ભલે જીવી રહ્યા છીએ પરંતુ આપણું ભવિષ્ય અંધકારમય લાગી રહ્યું છે એટલા માટે કે ભૌતિક સુખ પ્રાપ્ત કરવા માટે માણસ આજે જે દિશામાં જે ગતિથી આગળ વધી રહ્યો છે તેનાથી એવું લાગે છે કે હવે પછીના સમયમાં લોકોનો મૂલ્ય પરનો વિશ્વાસ ઉઠી જશે અને નૈતિકતા પણ ખતમ થઇ જશે. ભૌતિક સુખ-સુવિધા મેળવવાના પ્રયાસ આપણી અંદરની માનવતા કુંઠિત થઈ ગઈ છે એ પણ ત્યાં સુધી કે વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે નીચે કૃત્ય કરવામાં પણ હિચકિચાટ અનુભવતો નથી. આજની યુવા પેઢીને ફક્ત બાહ્ય દેખાવ જ પસંદ છે. એવો બાહ્ય દેખાવ કરવાનો વ્યક્તિ ગૌરવ અનુભવે છે. આપણી યુવાપેઢીને આવી પરિસ્થિતિમાંથી બહાર લાવવા માટે અને આવા કૃત્યો માટે મુક્ત કરવા માટે મૂલ્ય શિક્ષણની આજે તાતી જરૂરિયાત છે જો મૂલ્યશિક્ષણ આપવામાં નહીં આવે તો ભવિષ્ય અંધકારમય બની શકે છે.

આજે દિન-પ્રતિદિન મૂલ્યોનું અધઃપતન થઈ રહ્યું છે. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ તે મૂલ્યની બુનિયાદ પર અંગ્રેજ શાસન ને હચમચાવી નાખ્યું હતું. તેની મજબૂત જડોને ઉખેડી દીધી હતી. તે સત્ય અને અહિંસા જેવા સર્વોચ્ચ માનવીય મૂલ્યો આજે કમનસીબે આપણા પગ નીચે કચડાઇ રહ્યા છે. સમાજમાં આજે તનાવ, હિંસા જેવા દૂષણો, અનિષ્ટો વિકસી રહ્યા છે સમાજમાં મૂલ્ય- વિમુખ લોકોની પૂજા થઈ રહી છે. આમ જનતા પર આ સામાજિક તત્વોનો પ્રભાવ વધી રહ્યો છે. પરિણામે

આજે લોકોના મૂલ્યહીન વ્યવહારો વધુ જોવા મળે છે. આ વાસ્તવિક દશામાંથી મુક્તિ મેળવવા માટે મૂલ્યશિક્ષણ જ એક અસરકારક ઉપાય ગણી શકાય છે.

મૂલ્ય શિક્ષણની જરૂરિયાતને ધ્યાનમાં રાખતા મૂલ્ય શિક્ષણ જેટલું મહત્વ આંકીએ એટલું ઓછું છે વ્યક્તિમાં મૂલ્યનિષ્ઠાને પુનઃસ્થાપિત કરવા માટે મૂલ્ય શિક્ષણનું મહત્વ રહેલું છે. આપણા શાશ્વત મૂલ્યોને સમાજમાં પુનઃસ્થાપિત કરવા માટે પણ મૂલ્યશિક્ષણ એક મહત્વનું સાધન છે. આજે વ્યક્તિમાં સામાજિક અને નૈતિક મૂલ્ય મૃતપ્રાય બની ગયા છે ત્યારે તેને પુનર્જીવિત કરવા માટે પણ મૂલ્યશિક્ષણ ઘણું જ મહત્વનું છે. સૌના કલ્યાણની ભાવના ખતમ થઈ ગઈ છે. આજની યુવા પેઢીનો સર્વાંગી વિકાસ કરવા માટે તેમજ તેમના માં સુસંસ્કારોનું સિંચન કરી સદગુણોનું ઘડતર કરવા માટે સદવિચારો આપીને સદવૃત્તિ તરફ દોરી જઇ સમાજ કલ્યાણ અર્થે આદર્શ નાગરિકોનું નિર્માણ કરવા માટે મૂલ્યશિક્ષણની ખૂબ જ જરૂર છે એ જ રીતે મૂલ્ય શિક્ષણ જેટલું જરૂરી છે તેટલું જ મહત્ત્વનું પણ છે.

## મૂલ્યશિક્ષણના અભિગમો

મૂલ્યશિક્ષણના બે અભિગમો છે. ઔપચારિક અને અનૌપચારિક.

**ઔપચારિક અભિગમ** એટલે મૂલ્ય સ્પષ્ટીકરણ અભિગમ. નૈતિક વિચાર-વિમર્શ અભિગમ.મૂલ્ય શિક્ષણનો વર્ગ અભ્યાસ અભિગમ. ઔપચારિક અભિગમ કોઇ નિશ્ચિત અથવા ચોક્કસ શિક્ષણ પધ્ધતિ કે પ્રયુક્તિ વડે અને નિશ્ચિત પાઠ્યક્રમના સંદર્ભમાં અપાતું મૂલ્ય શિક્ષણ એટલે મૂલ્યશિક્ષણનો ઔપચારિક અભિગમ.સત્ય મૂલ્યની સમજ માટે ગાંધીજી, સોક્રેટિસ વગેરેના પ્રસંગો આપી આપણે બાળકોમાં સત્ય મૂલ્યની ખીલવણી કરી શકાય. પ્રેમના મૂલ્યોની ખીલવણી કરવા માટે કૃષ્ણ, રામ વગેરેના ઉદાહરણો આપી શકાય. ઔપચારિક અભિગમ વર્ગ વ્યવહાર અંગેની કોઇ ચોક્કસ યોજના તૈયાર કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવા શિક્ષણના કોઈ મોડલના ઉપયોગનું સૂચન કરે છે.

**અનૌપચારિક અભિગમ** વ્યાખ્યાન,વાર્તાલાપ,સ્વાધ્યાય વગેરે પ્રયુક્તિઓ દ્વારા અમલમાં મૂકી શકાય છે.

અનૌપચારિક અભિગમ ચારિત્ર નિર્માણ, વર્તન-વ્યવહાર કૌશલ્ય, આદર્શ નમૂના પ્રતિમાન. અનૌપચારિક અભિગમ એટલે કોઇ નિશ્ચિત પધ્ધતિ કે પ્રયુક્તિને બદલે અનૌપચારિક ચર્ચા કે વાતચીત દ્વારા કોઈ એકાદ મૂલ્યનું શિક્ષણ આપવું. દાખલા તરીકે સહાનુભૂતિના મૂલ્યની સમજ માટે કુદરતી આફત સમયે કે દુઃખી વ્યક્તિને આશ્વાસન આપીને સહાનુભૂતિના મૂલ્યની બાળકોમાં ખીલવણી કરી શકાય. કર્તવ્યનિષ્ઠાની સમજ માટે સૂર્ય, ચંદ્રના ઉદાહરણોને અભ્યાસમાં સમાવિષ્ટ કરી કર્તવ્યનિષ્ઠાના મૂલ્યોની ખિલવણી કરી શકાય.

પ્રવર્તમાન સમયમાં જ્યારે મૂલ્યોનો હ્રાસ થઇ રહ્યો છે ત્યારે દરેક શિક્ષકની ફરજ છે કે બાળકોને મૂલ્ય શિક્ષણ આપવું. વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રયુક્તઓ દ્વારા બાળકોમાં વિવિધ પ્રકારના મૂલ્યોની ખિલવણી કરી શકાય. અત્યારના સમયમાં બાળકોમાં વિવિધ પ્રકારના મૂલ્યોની ખિલવણી કરવી અત્યંત આવશ્યક છે. મૂલ્યનું મૂલ્ય ત્યારે જ મૂલ્યવાન બને છે જ્યારે વ્યક્તિને મૂલ્યનું મૂલ્ય ખરા અર્થમાં સમજાય.

બાળકના શિક્ષણની શરૂઆત માતાના ગર્ભાવસ્થા દરમિયાન થતી રહે છે એટલે જ્યારે બાળક માતાના ગર્ભમાંથી જ કંઈક શીખવાનું શરૂ કરે છે. આપણી સામે અભિમન્યુનું ઉદાહરણ છે. તેથી સ્ત્રીઓ ગર્ભાવસ્થા દરમિયાન સારા પુસ્તકોનું વાંચન કરે તો તે બાળકોમાં મૂલ્યોનો સારી રીતે વિકાસ થઈ શકે છે. ત્યારપછી બાળક પોતાના કુટુંબના સંપર્કમાં આવે છે અને ત્યાંથી ઘણું બધું શીખે છે. પરંતુ જ્યારે તેના કુટુંબનું વાતાવરણ યોગ્ય ના હોય તો તેનામાં સારા મૂલ્યોનો વિકાસ થતો નથી. અને જો વાતાવરણ સુયોગ્ય હોય તો તે બાળક એના કુટુંબમાંથી પણ ઘણી બધી સારી બાબતો અને ગ્રહણ કરે છે. કુટુંબના વાતાવરણમાં યોગ્ય રીતે સારા એવા પુસ્તકોનું વાચન થતું હોય તો તેનામાં સારા સદ્ગુણોનો વિકાસ થાય છે. ત્યારબાદ બાળક શાળામાં આવે ત્યારે શાળામાં યોગ્ય વાતાવરણ અને યોગ્ય મિત્રો સાથેની મિત્રતા પણ અગત્યનો ભાગ ભજવે છે. આમ જોવા જઈએ તો યોગ્ય મિત્ર ના મળે તો પણ બાળક ઘણીવાર અવળે રસ્તે ચડી જાય છે. અને સમાજ માટે તે ઘાતક બને છે. બીજી બાજુ શાળાનું વાતાવરણ અને યોગ્ય શિક્ષકોની તેના પર અસર પડે તો સમાજને ઉપયોગી એવો નાગરિક તે બની શકે છે. અને રાષ્ટ્રના વિકાસમાં યોગ્ય ફાળો આપી અને એક સારા રાષ્ટ્રનિર્માણમાં પોતાનો ફાળો આપી શકે છે.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં મૂલ્યોનુંશિક્ષણ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં દર્શાવેલ મૂલ્યો નીચે મુજબ છે.

૧.સહિષ્ણુતા
૨.સમાનતા
૩.સમાનુભૂતિ
૪.સેવા
૫.અહિંસા
૬.સ્વચ્છતા
૭.સત્ય
૮.નિષ્કામ કર્મ
૯.શાંતિ
૧૦.બલિદાન
૧૧.વિવિધતા
૧૨.બહુવચનવાદ
૧૩.સાચું વર્તન
૧૪.જાતિયતા પ્રત્યે સંવેદનશીલતા
૧૫.વડીલો પ્રત્યે આદર
૧૬.તમામ વ્યક્તિઓ અને તેમની જન્મજાત ક્ષમતાઓનો તેમની પૃષ્ઠભૂમિ ધ્યાને લીધા વિના આદર આપવો
૧૭.પર્યાવરણ પ્રત્યે આદર
૧૮.મદદરૂપ થવાની ભાવના
૧૯.સૌજન્ય
૨૦.ક્ષમા
૨૧.ધીરજ
૨૨.કરુણા
૨૩.દેશભક્તિ
૨૪.લોકશાહી દ્રષ્ટિકોણ
૨૫.સત્યનિષ્ઠા
૨૬.સ્વાતંત્ર્ય
૨૭.બંધુત્વ

મૂલ્ય શિક્ષણ એટલે શિક્ષણની પ્રક્રિયા દ્વારા બાળકોમાં સદ્વૃત્તિ અને સુટેવોનું સિંચન કરી માનવીય ચારિત્ર્યનું નિર્માણ કરવું. શિક્ષણ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા બાળકના વ્યક્તિત્વના બધા જ પાસાઓનો વિકાસ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે એટલે કે બાળકના સર્વાંગી વિકાસ સાધનારું શિક્ષણ જ મૂલ્ય શિક્ષણ છે. વિદ્યાર્થીઓમાં શિક્ષણ દ્વારા એવા વલણો, માન્યતા અને વૃત્તિનો વિકાસ કરવો જેથી પોતાનું વર્તન અને વિચાર માનવતા યુક્ત અને રાષ્ટ્રને ધ્યાનમાં રાખીને કરે.

વિદ્યાર્થીઓમાં સદ્વૃત્તિઓનો વિકાસ થાય. વિદ્યાર્થીઓની સભ્યતા અને માનવતામાં આસ્થા પ્રગટ થાય. નવી પરિસ્થિતિમાં નવું જ્ઞાન પ્રાપ્ત કરવું અને તેનો વાસ્તવિક જીવનમાં ઉપયોગ કરવો. વૈજ્ઞાનિક અભિવૃત્તિ, અભિરુચિ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો વિકાસ થાય. રાષ્ટ્રીય આવશ્યકતાઓ અનુસાર સહયોગ કરવો. રાષ્ટ્રીય સંપત્તિનું રક્ષણ કરવું. રાષ્ટ્રીય સમસ્યાઓ દૂર કરવામાં પોતાનું યોગદાન આપવું. રાષ્ટ્ર અને રાષ્ટ્રની સંસ્કૃતિનું સંવર્ધન કરવું. તેમજ એક પેઢીના મૂલ્યો બીજી પેઢીમાં લોકશાહી સ્વરૂપે હસ્તાંતરિત કરવા.મૂલ્યલક્ષી સમાજના નિર્માણમાં પોતાનું યોગદાન આપે. વિદ્યાર્થીઓમાં સારી આદતો અને વલણો વિકસાવવા. પોતાના આચાર-વિચારમાં ઉદાર બની ધર્મ, જાતિ, પ્રાંત, લિંગ વગેરેના ખ્યાલોની ગેરસમજ દૂર કરવી.

## ઉપસંહાર

આજે સમાજમાં વિવિધ સમસ્યાને લીધે વ્યક્તિઓમાં હતાશા, અશાંતિ જોવા મળે છે.તેને અટકાવવા માટે તેમજ સમાજને સુખી બનાવવા માટે મૂલ્યશિક્ષણ આપવું ખુબ જ આવશ્યક બન્યું છે. તેથી નવી શિક્ષણ નીતિમાં મૂલ્યશિક્ષણ દાખલ કરેલ છે. તેને અસરકારક રીતે અમલ કરાવવો જરૂરી છે. એ જ રીતે વહેલામાં વહેલી તકે દરેક શાખામાં માનવ ઉપયોગી અને માનવતામાં વૃદ્ધિ કરતા અભ્યાસક્રમો લાગુ કરાય એજ ઉપાય છે. જો વ્યક્તિના જીવનમાં યોગ્ય મૂલ્યોનું ઘડતર થયેલું હોય તો તે એક સારો માનવ બની અને રાષ્ટ્રના વિકાસમાં યથાયોગ્ય ફાળો આપી શકશે. અને સાથે જ શિક્ષણની પ્રક્રિયામાં પણ મૂલ્યને મહત્વ આપવામાં આવે તો તેના માધ્યમ દ્વારા ખૂબ જ અગત્યનું કાર્ય થઇ શકશે. એ જ રીતે મૂલ્ય એટલે વિવેક જીવનરીતિમાં વણાયેલો વિવેક, મૂલ્ય એ વ્યક્તિને, સમાજને અને સમગ્ર વિશ્વને દોરવાનું કાર્ય કરે છે,

વિદ્યાર્થી હંમેશા પોતાના શિક્ષકને આદર્શ માની તેનું અનુકરણ અને અનુસરણ કરતો જોવા મળે છે. શિક્ષકના વાણી-વ્યવહાર અને વર્તનનું એ સદા અવલોકન કરતો હોય છે. અને પોતાનામાં તે પ્રમાણેનું કરવા સદા તત્પર હોય છે. વિદ્યાર્થીને મન શિક્ષક એક આદર્શ હોય તો શિક્ષકે સાચા અર્થમાં આદર્શ બનીને ઉપર્યુક્ત દર્શાવેલ મૂલ્યો જો તે પોતે અપનાવશે તો આ દિશાશૂન્ય સમાજને ચોક્કસ વિશ્વાસ છે કે આવતીકાલે એક મૂલ્યનિષ્ઠ તંદુરસ્ત સમાજની આપણે સ્થાપના કરી શકીશું અને આપણુંए સમાજનું અને રાષ્ટ્રનું આપણે કલ્યાણ કરી શકીશું.

## સંદર્ભ સૂચિ


- આચાર્યए મોહિનીण(૨૦૦૮)णશિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્રणઅમદાવાદरूઅક્ષર પ્રકાશન.
- ઉચાટ,ડી.એ.(૨૦૦૨).સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓण રાજકોટ रूસૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- ઉચાટ,ડી.એ.,જોષીएએચ.ઓ.અને દોંગાएએન.એસ.(૨૦૦૧)णગુણાત્મક સંશોધન.રાજકોટ रूસૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- જોષીए એચणઓ(૧૯૯૮ )णમૂલ્યશિક્ષણणરાજકોટरूશિક્ષણશાસ્ત્ર ભવનणસૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- દેશમુખए સીતારામ(૨૦૧૩ )णમૂલ્યશિક્ષણणઅમદાવાદरूયુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
- પટેલए એચणઓ;૧૯૯૫ )णમૂલ્યલક્ષી શિક્ષણणશિક્ષક નિદર્શિનીणઅમદાવાદ.
- ભગવતસિંહજી(૨૦૦૪)णભગવદ્ગોમંડલ.રાજકોટ रूપ્રવિણ પ્રકાશન.
- શાહएદિપીકા.બી.(૨૦૦૪)णશૌક્ષણિક સંશોધનणઅમદાવાદ रूયુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
- શુક્લ, સતીષપ્રકાશ.(૨૦૧૯).સંશોધન-પરિચય અને પદ્ધતિશાસ્ત્ર.અમદાવાદरूરિશીત પ્રકાશનण
- સ્વામીए વિદિત્માનંદ(૧૯૯૭)णમૂલ્યોरूઆત્મજ્ઞાનનું દ્વારणઅમદાવાદरूસાહિત્ય પ્રકાશનण

## Websites


https://etheses.saurashtrauniversity.edu/id/eprint/6

http://sanshodhan.net/

https://www.ijcrt.org/

http://www.kcgjournal.org/humanity/index.php

https://gu.warbletoncouncil.org/valores-personales-899

https://gu.warbletoncouncil.org/investigacion-3343

http://bhagvadgomandal.com/